# ગુજરાત વિધાનસભા

-----------

## પંદરમી વિધાનસભા

## ત્રીજું સત્ર

-----------

## દિવસના કામકાજની યાદી

૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૩

બપોરના ૧૨-૦૦ વાગ્યે

૧. <u>પ્રશ્નોત્તરી</u>

(૧) <u>તારાંકિત પ્રશ્નોત્તરી</u>

(૧)માનનીય નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી

(૨)માનનીય આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, કાયદો, ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી

(૩)માનનીય જળસંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રીશ્રી

(૪)માનનીય પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ મંત્રીશ્રી

(૫)માનનીય સહકાર, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખનસામગ્રી, પ્રોટોકોલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) (સ્વતંત્ર હવાલો)

(૨) <u>અતારાંકિત પ્રશ્નોત્તરી</u>

(૧)પહેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી અને સાતમી અતારાંકિત યાદી

૨. <u>વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો</u>

(૧) ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

<u>..... માનનીય પાણીપુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા</u>

(૨) ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમ લિમિટેડના સન ૨૦૨૦-૨૧ તથા સન ૨૦૨૧-૨૨ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ

આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન

**.....ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા**

(૧)સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ

(૨)સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ

(૩)
કામધેનુ યુનિવર્સિટીનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**.....માનનીય પશુપાલન મંત્રીશ્રી રાઘવજી પટેલ**

(૪)
ગુજરાત રાજ્ય મહિલા આયોગનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક વહીવટી અહેવાલ

**..... માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા**

(૫)
ગુજરાત તકેદારી આયોગનો સન ૨૦૨૨નો વાર્ષિક અહેવાલ તેમજ આયોગની ભલામણનો અસ્વીકાર કરવા અંગે વિભાગની સ્પષ્ટીકરણાત્મક નોંધ

**..... માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવી**

(૬)
નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબનો સન ૨૦૧૯-૨૦ના વર્ષનો નગરપાલિકાઓનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**..... શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશ પટેલ**

(૭)
ભરૂચ ખાતે આગના બનાવની તપાસ માટે નિમવામાં આવેલ જસ્ટિસ ડી.એ.મહેતા તપાસપંચનો અહેવાલ તથા એક્શન ટેકન રિપોર્ટ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**..... શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશ પટેલ**

(૮)
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના સન ૨૦૨૧-૨૨ના વાર્ષિક હિસાબો અને તપાસણી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન તથા સન ૨૦૨૩-૨૪નું વાર્ષિક નાણાંકીય પત્રક

**..... ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા**

(૧)સન ૨૦૨૧-૨૨ના વાર્ષિક હિસાબો અને તપાસણી અહેવાલ

(૨)સન ૨૦૨૩-૨૪નું વાર્ષિક નાણાંકીય પત્રક

## ૩. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

(૧) અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રથમ અહેવાલની રજૂઆત

**........સમિતિના માનનીય પ્રમુખશ્રી ઈશ્વરભાઇ પરમાર/સભ્યશ્રી**

## ૪. માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માનો સંકલ્પ (નિયમ-૧૨૦)(૯૦ મિનિટ)

(૧)

દેશની રાજધાની દિલ્હી ખાતે ભારત મંડપમમાં આયોજીત જી-૨૦ની બે દિવસની બેઠક તાજેતરમાં સંપન્ન થઈ છે.

વર્ષ ૧૯૯૯ની નાણાકીય કટોકટી બાદ જી-૨૦ની સ્થાપના થઈ હતી. ભારતના દિર્ઘદ્રષ્ટા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના અવિરત પ્રયાસોને કારણે ભારતને જી-૨૦નું પ્રમુખપદ હાંસલ થયેલ છે. ભારત ૧ ડિસેમ્બર,૨૦૨૨ થી ૩૦ નવેમ્બર, ૨૦૨૩ સુધી જી-૨૦નું પ્રમુખપદ સંભાળી રહેલ છે.

વૈશ્વિક નેતૃત્વ પુરૂ પાડનાર વડાપ્રધાનના માર્ગદર્શન હેઠળ દેશભરમાં જી-૨૦ની ૨૦૦થી વધુ બેઠકો ૬૦ જેટલા અલગ-અલગ સ્થળોએ સફળતાપૂર્વક યોજવામાં આવી. આ પૈકી ગુજરાતને ૧૭ બેઠકોની યજમાની કરવાની તક મળી છે.

જી-૨૦ ગ્રુપના દેશોની કુલ જી.ડી.પી વૈશ્વિક જી.ડી.પી. ના અંદાજે ૮૫ ટકા છે. જયારે આંતરરાષ્ટ્રીય વ્યાપારનો અંદાજે ૭૫ ટકા હિસ્સો આ દેશો ધરાવે છે અને તે રીતે જી-૨૦ દેશોના નિર્ણયોથી વૈશ્વિક અર્થવ્યવસ્થા સ્વભાવિક રીતે પ્રભાવિત થાય છે. સદરહુ સમિટના તખ્તા પરથી ભારતે અનેક આર્થિક સિધ્ધિઓ હાંસલ કરી છે જેના કારણે વિશ્વની ત્રીજા નંબરની આર્થિક મહાસત્તા બનવાના લક્ષ્યને હાંસલ કરવામાં તેમજ સને ૨૦૨૫ સુધીમાં ભારતમાં ત્રણ ટ્રીલીયન ડોલરથી વધુનું આવનાર રોકાણ મહત્વનું બની રહેશે. આજ બતાવે છે કે,ભારત એટલે બિઝનેસ.

ભારત મંડપમ ખાતે સમિટના અંતિમ સત્રમાં આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે ૫૫ દેશોના સંગઠન આફ્રિકન સંઘનો જી-૨૦માં કાયમી સભ્યપદ તરીકે સ્વીકાર કરવો તે ભારતના પ્રમુખપદ માટે એક સીમાચિન્હરૂપ સિધ્ધિ છે.

આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ભારતે મોટી કૂટનીતિક સરસાઈ મેળવી લીધી છે અને વૈશ્વિક સમસ્યાઓ તેમજ પડકારોના ઉકેલ લાવવામાં ભારતનો અવાજ આંતરરાષ્ટ્રીય સ્તરે વધુ મજબૂત બન્યો છે.

અમેરિકા જેવી મહાસત્તાના પ્રમુખ બાઈડેને પણ આ પ્રસંગે ઉલ્લેખ કરેલ કે ભારતના પ્રમુખપદે સાબિત કર્યુ છે કે જી-૨૦ વિશ્વના મહત્વના મુદ્દાઓનો ઉકેલ લાવવા સક્ષમ છે. વૈશ્વિક સ્તરે ભારતનો ડંકો વાગી ચૂકયો છે. જોગાનુજોગ અમૃતકાળમાં જ ભારતના એક નવા યુગનો શાનદાર પ્રારંભ થઈ ચૂકયો છે, જે ગુજરાત અને રાષ્ટ્ર માટે ગૌરવની બાબત છે.

સમિટમાં અમેરિકાના પ્રમુખ ઉપરાંત બ્રિટનના વડાપ્રધાન, જાપાન,ઈટલી,જર્મની,બાંગ્લાદેશ તેમજ ઈન્ડોનેશિયાના વડાપ્રધાન, સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ,સંયુક્ત રાષ્ટ્રસંઘના મહાસચિવ સહિત અનેક મહાનુભાવોએ ભાગ લઈ અનેક રચનાત્મક સૂચનો કરેલ છે. સમિટમાં ઉપસ્થિત સૌ મહાનુભાવોએ ભારતની ભવ્યતાની ઝાંખી પણ નિહાળી. આદરણીય વડાપ્રધાને વૈશ્વિક મંચ પર પણ સર્વસમાવેશક વિકાસની તરફેણ કરી સૌનો આદર મેળવ્યો.

સદરહુ સમિટમાં સર્વાનુમતે નવી દિલ્હી ઘોષણાપત્ર પણ જાહેર કરાયું. સમિટમાં ગ્લોબલ બાયો ફ્યુઅલ એલાયન્સની ઘોષણા, ભારત-મધ્યપૂર્વ અને યુરોપ વચ્ચે ઈકોનોમિક કોરીડોરની રચનાનો પ્રસ્તાવ, પર્યાવરણ અને ક્લાઈમેન્ટ ચેન્જ ઉપર નિરિક્ષણ માટે ઉપગ્રહ લોન્ચ કરવાની યોજના જેવી બાબતો હાથ ધરાઈ. સમિટમાં જી-૨૦ દેશોએ એક અવાજે એવી પણ ચેતવણી ઉચ્ચારી કે પરમાણુ હથિયારોનો ઉપયોગ અથવા તેની ધમકી સાંખી નહિ લેવાય. ૩૭ પાનાના ઘોષણાપત્રમાં પણ યુક્રેનનો ઉલ્લેખ કરી કહેવાયું કે આજનો સમય યુધ્ધનો નથી.

સંગઠનના બધા જ દેશોએ આંતકવાદની ટીકા કરી હતી તેટલું જ નહિ પણ આંતકી જૂથોને આશ્રય,આર્થિક અને રાજકીય સમર્થન મળતું રોકવા માટે આંતરરાષ્ટ્રીય સહયોગની હિમાયત કરી હતી. " વન અર્થ" સત્રને સંબોધન કરતાં આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે આપણે બધાએ સાથે મળીને ચાલવાનો સમય છે અને "સબકા સાથ, સબકા વિકાસ,સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ" નો મંત્ર આપણા સૌ માટે માર્ગદર્શક બની શકે છે અને સૌએ સાથે મળીને સંયુક્ત રાષ્ટ્રના ઉદ્દેશો અને સિધ્ધાંતોને અનુરૂપ પણ કામ કરવું જોઈએ.

આજે જયારે વૈશ્વિક અર્થતંત્ર અનેક પડકારોનો સામનો કરી રહ્યું છે,આબોહવા પરિવર્તન સાથે સંકળાયેલા પડકારો અને યુધ્ધની પરિસ્થિતિ વચ્ચે પણ આદરણીય વડાપ્રધાનના દ્રઢ મનોબળ,વૈશ્વિક નેતૃત્વની પ્રભાવી છાપ, કૂટનીતિ સાથે શાંતિદૂત બનીને મોટાભાગના મુદ્દાઓનો સમિટમાં વાટાઘાટોથી ઉકેલ લાવી શકાયો તે ભારત માટે ગૌરવની બાબત છે.

"એક ધરતી, એક પરિવાર,એક ભવિષ્ય" ની રૂપરેખા સંપન્ન થાય, સમગ્ર વિશ્વમાં આશા અને શાંતિનો સંચાર થાય તેવી કામના સાથે આદરણીય વડાપ્રધાને જી-૨૦ બેઠકનું સમાપન કર્યું.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વૈશ્વિક સમસ્યાઓ અને તેના સમાધાન પર થયેલ વિચાર મંથન બ્રાઝિલના નેતૃત્વ હેઠળ આગામી સમયમાં મહત્તમ પરિણામલક્ષી બની રહે તે માટે ભારતના વડાપ્રધાન સતત માર્ગદર્શક બનતા રહે તેવી આ સભાગૃહ તેઓશ્રીને શુભેચ્છા પાઠવે છે તેમજ જી-૨૦નું નેતૃત્વ શોભાવવા બદલ કોટી-કોટી વંદન કરી હાર્દિક અભિનંદન પાઠવે છે.

## ૫. <u>સરકારી વિધેયકો</u>

(૧)
સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૨૬-સન ૨૦૨૩નું ગુજરાત ખેત-ઉત્પન્ન અને ખરીદ-વેચાણ (ઉત્તેજન અને સરલીકરણ) (સુધારા) વિધેયક

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**..... માનનીય રાજ્યકક્ષાના સહકાર મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા**

(૨)
સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૨૪-સન ૨૦૨૩નું ગુજરાત નેચરલ ફાર્મિંગ અને ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી (સુધારા) વિધેયક

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**.......માનનીય કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ**

**વિધાનસભા ગૃહ** **ડી. એમ. પટેલ**

| | |
|---|---|
| ગાંધીનગર | સચિવ |
| તારીખઃ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૩ | ગુજરાત વિધાનસભા |